
ગાંધીનગર સમાચાર

બી.સી.એ. કોલેજમાં આઈ.ટી. ફેર અને 'અક્ષ'માં વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ ઉત્સાહ


# શહેરના બજારોમાં વિવિધ પતંગોનું આગમન



ઉતરાયણમાં નાના બાળકો માટે નાના પતંગ તો બજારમાં આવે જ છે. પરંતુ આ વર્ષે વેપારીઓએ બાળકો માટે સ્પેશીયલ કીટ તૈયાર કરી છે. આ કીટમાં નાના બાળકો માટે કાર્ટુન પિકચરવાળા પાંચ પતંગ, નાની ફીરકી, ચશ્મા, નકાબ અને પીંપુડાનો સમાવેશ કરવામાં આવ્યો છે. વેપારીઓને આશા છે કે આ ઉતરાયણમાં નગરજનો બાળકો માટે આ કીટની ખરીદી વિશેષ કરશે.



મકરસંક્રાંતિમાં દોરીની ખરીદીમાં ખાસ કરીને યુવાનો વધુ સાવચેત રહેતા હોય છે. જેમાં કેટલાંક યુવાનો વિવિધ માર્કાની દોરી ચરખા પર પીવડાવે છે તો કેટલાક યુવાનો ઘસાયેલી દોરી વધુ પસંદ કરે છે નગરમાં છેલ્લા બે દાયકાથી લખનઉ થી ૬ વ્યકિતનું પરિવાર આવે છે. જે સેકટર-૨૧ ખાતે ૨૦ દિવસ સુધી દોરી ઘસવાનું કામ કરે છે. આગામી દિવસોમાં બજારમાં દોરી ઘસાવવા માટે યુવાનોની લાંબી કતારો જોવા મળશે.



શહેરના પતંગ બજારોમાં સલમાન ખાન, શાહરુખ ખાન, જો બકા, બાહુબલી, છોટાભીમ, મોટું પતલું, બેનટેન, મોદીના પિકચરવાળા પતંગ બજારોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જયારે દોરીમાં શિવમ દોરીની તૈયાર ફીરકી, મીરચી દોરી, ડબલ પોલીસ કરેલી દોરી યુવાનોમાં હોટ ફેવરીટ છે.

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વની ઉજવણી નગરજનો ઉત્સાહપૂર્વક કરે છે. ઉતરાયણ પર્વને બે સપ્તાહ જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે પતંગ રસિયાઓએ અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરના બજારોમાં ઉતરાયણ પર્વને લઈ દોરી તેમજ રંગબેરંગી ફેન્સી પતંગોનું આગમન થઈ ચુક્યું છે. ઉતરાયણને મોંઘવારી નડી છે. પતંગ માર્કેટમાં ગતવર્ષ કરતા ચાલું વર્ષે ૧૦ ટકા જેટલો ભાવ વધારો થવા પામ્યો છે. મોંઘવારીમાં પતંગ રસિકોને ભાવ વધારો દઝાડશે. જયારે પતંગ બજારોમાં આ વર્ષે મોટું પતલુ, છોટાભીમ, બેનટેન, બાહુબલી, સલમાનખાન, શાહરુખખાન, જો બકા, સહિત ગુજરાત તેમજ ભારત ભરના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટોવાળા પતંગે શહેરીજનોમાં અનેરુ આકર્ષણ જમાવ્યું છે. પતંગની સાથે સાથે દોરીમાં પણ ડબલ પોલીસ વાળી દોરી રસિકોમાં હોટ ફેવરીટ બની છે. શહેરના બાળકોએ તો અત્યારથી જ ઉતરાયણની ખરીદી શરૂ કરી દીધી છે.

ગાંધીનગર શહેરમાં ઉતરાયણ પર્વના દિવસે આખુ આકાશ રંગબેરંગી વિવિધ પ્રકારના પતંગોથી ભરાઈ જાય છે. સવારથી જ નગરજનો ધાબા પર જઈ પતંગ ચગાવામાં તલ્લીન બની જાય છે. દિવસ દરમ્યાન આકાશી યુધ્ધ ખેલાય છે. પતંગ રસિકો ઉતરાયણ પર્વમાં દર વર્ષે કંઈક હટકે કરે છે. ત્યારે વેપારીઓ દ્વારા પણ દોરીમાં વિવિધતા તેમજ ફેન્સી પતંગો બજારમાં વેચાણ અર્થે આવે છે. શહેરના સેકટર-૭, ૨૧, ૨૨, ૨૪ સહિતના ૨૦૦ થી વધુ સ્ટોલ પર લાખો રૂપીયાના પતંગ-દોરી વેચાય છે. પતંગ બજારને પણ મોંઘવારી નડી છે પતંગ અને દોરીના ભાવમાં ૧૦ ટકાનો વધારો થવા પામ્યો છે. પતંગ દોરીના રસિયાઓ માટે મીરચી તેમજ શિવમ દોરી નવિન આવી છે. જયારે ૬,૯,૧૨ તારમાં ડબલ પોલીસવાળી દોરી સારી હોવાથી નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. ચીલ પતંગની કોડી આ વર્ષે ૬૦ થી ૭૦ રૂપીયામાં જયારે હજારવારની ફીરકી ૨૦૦ થી ૨૫૦ રૂપીયામાં નગરજનોને મળશે. નગરમાં ઉતરાયણ પર્વને બે સપ્તાહ જેટલો સમય હોવા છતા બજારોમાં પતંગ-દોરીનું આગમન થઈ ચુક્યું છે. નગરના શોખીનોએ તો અત્યારથી જ ખરીદી શરૂ કરી દીધી છે.



## @ગાંધીનગર

● સેકટર-૨૩ ખાતે આવેલ ભોળાભાઈ બીસીએ કોલેજમાં આઈ.ટી. ફેરનો સમાપન સમારોહ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર

ગાંધીનગર, તા.૨૯

દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧ થી ૧૦ જાન્યુઆરી સુધી ગાયત્રી શકિતપીઠ, સેકટર-૧ ખાતે સવારે ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમિયાન યોગાસન, પ્રાણાયામ, ધ્યાન તેમજ યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓના ઉપચાર તથા બિમારીને રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારીરિક-માનસિક આરોગ્ય સહિતનું પ્રશિક્ષણ આપવામાં આવશે. શિબિરમાં હાજર રહી લાભ લેવા અશ્વિન દવેએ સર્વે નગરજનોને જણાવ્યું છે.

## સિસિકા દ્વારા માસિક બેઠક અને અમૃત મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

સિનિયસ સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તા. ૩૧મી ડિસેમ્બરના રોજ સાંજે ૪.૦૦ કલાકે માસિક બેઠક તેમજ સાંજે ૫.૦૦ કલાકે અમૃત મહોત્સવનો કાર્યક્રમ યોજાશે. સેકટર-૭, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી ખાતે અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે આયુષ્યના ૭ વર્ષ પુરા કરનાર વડીલોનું સન્માન અને દાંપત્ય જીવનના ૫૦ વર્ષ પુરા કરનાર દંપતિઓનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કાઉન્સિલના તમામ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા મંત્રી જીવણલાલ શાહે અનુરોધ કર્યો છે.

## રાજપૂત સમાજ દ્વારા યોગાસન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧થી ૧૦ જાન્યુઆરી સુધી સવારે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન સેકટર-૧૨, રાજપૂત સમાજ ભવન ખાતે નિઃશુલ્ક પણે યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં યોગ શિક્ષક હસમુખભાઈ પટેલ દ્વારા ધ્યાન, પ્રાણાયામ, અને યોગાસનોનું પ્રશિક્ષણ આપવામાં આવશે. આ યોગાસન શિબિરનો નગરના સર્વે ભાઈ-બહેનોને લાભ લેવા પ્રમુખ કરણસિંહ વાઘેલાએ અનુરોધ કર્યો છે.

# બીસીએ કોલેજમાં આઈ.ટી. ફેર અને 'અક્ષ'માં વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ ઉત્સાહ

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝના બીસીએ અને પીજીડીસીએ દ્વારા યોજિત ત્રિદિવસીય આઈ.ટી. ફેર અને 'અક્ષ'-આર્ટ અને લીટરરી ઈવેન્ટમાં દ્વિતિય દિવસ તારીખ ૨૯ ડિસેમ્બરના રોજ ગાંધીનગર, અમદાવાદ અને આસપાસના જિલ્લાઓની કુલ ૨૩ કરતા વધારે સ્કુલોના ૧૫૩૨ કરતા વધારે વિદ્યાર્થીએ આઈ.ટી. ફેરની મુલાકાત લીધી હતી ઔદ્યોગિક એકમની માંગ અને અવનવી ટેકનોલોજીની શોધ અને માહિતીને વિદ્યાર્થી સમક્ષ સરળ સ્વરૂપમાં દર્શાવવાના હેતુ સાથે આજના મુખ્ય આકર્ષણોમાં ઘણા સ્ટાલોમાંથી હાલમાં ખુબ જ પ્રચલિત ઈ કોમર્સ કેવી રીતે કામ કરે છે તથા તેનું ભવિષ્ય કેટલું ઉજજવળ છે તેનું નિદર્શન વિદ્યાર્થીઓએ મોડેલ બનાવીને કરેલ. ઉપરાંત વર્ચુઅલ રીયાલીટીના સ્ટોલમાં ઉડી માર્કર અને એનિમેશન માર્કરનું મોબાઈલની એપ (સ્માર્ટ ફોન) દ્વારા રૂબરૂ પ્રદર્શન કરી તેનો ભવિષ્યનો ઉપયોગ થતા ગુગલ કોર્ડ બોર્ડ દ્વારા વર્ચુઅલ ગેમિંગનું પ્રદર્શન તથા અનુભવ વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો. આજ સ્ટોલમાં વિડીઓ એડીટીંગ અને તેનો 'ક્રોમા' સાથે ઉપયોગ શીખવાડવામાં આવ્યો હતો.





'સ્માર્ટ સીટી'ના સ્ટોલમાં સોલાર અને સ્ટીમ એનર્જી દ્વારા ચાલતા નવથી વધારે વર્કિંગ મોડેલનું વિદ્યાર્થીઓ દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું. 'સ્વચ્છ શહેર, સમૃદ્ધ શહેર'ના ઉદ્દેશ સાથે આ સ્ટોલમાં શહેરની સિકયોરીટી માટે જીપીએસ/જીએસઆરએમ ટ્રેકિંગ, આરએફઆઈડી કાર્ડસ લેસર એલાર્મ વગેરે સિસ્ટમ દર્શાવવામાં આવી હતી. એક સ્માર્ટ સીટી કહી શકાય તે માટે વિદ્યાર્થીઓ દ્વારા ટાઉનશીપ, બેંક, એરપોર્ટ, સ્કુલ-કોલેજ, હોસ્પિટલ વગેરેના વર્કિંગ મોડેલ બનાવવામાં આવ્યા હતા.

'ઈલેકટ્રોનીકસ ફોર યુ'ના સ્ટોલમાં 'રાસબેરી પાઈ'થી ચાલતા વિવિધ મોડેલ રજુ કરવામાં આવ્યા હતા. જેમાં એલઈડી, હોમ ઓટોમેશન તથા કોલેજનું મોડલ વગેરે રજુ કરવામાં આવ્યું હતું. આ સ્ટોલમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા એલઈડીના અલગ અલગ ૭થી વધુ પ્રોજેકટનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આવતીકાલે આ ફેરનો અંતિમ દિવસ છે અને લગભગ ૧૬૪૦ વિદ્યાર્થીઓ તેનો લાભ લેશે. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડીરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેને સફળ બનાવવામાં કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોનો સંપૂણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## વાતવાતમાં

● ચાર દિવસની રજાઓ બાદ સોમવારે બેંકો ખુલતા ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. આ ભીડ મંગળવારે પણ યથાવત રહેતા બેંક કર્મચારીઓ અંદરોઅંદર 'લો થઈ ગઈને રજાઓ વસૂલ' જેવા બળાપા કાઢતા જોવાયા હતા.

● રજાઓ બાદ ખુલેલા શાકમાર્કેટમાં પણ તેજી જોવા મળી રહી છે. લગભગ દરેક શાકભાજીમાં ૩૫થી ૪૫ ટકા જેટલો ભાવવધારો જોવા મળી રહ્યો છે.

● આને કહેવાય પદની ઘેલછા!!! જિલ્લા પંચાયતમાં નોંધપાત્ર પદ મેળવનાર એક પદાધિકારી નેતા બીજા દિવસે સવારે જ તેમની કાર લઈને ઈસ્ત્રી ટાઈટ કપડામાં રેડિયમ નંબર પ્લેટ બનાવતા કારીગરને ત્યાં પહોંચ્યા હતા. અહીં તેમણ નંબર પ્લેટ કરતા બમણી સાઈઝના સ્ટીકરવાળુ 'પદ' દર્શાવતું પાટિયું બનાવી પોતાની ગાડી પર લગાવડાવ્યું હતું.

● મંગળવારે સરગાસણ ચાર રસ્તા પાસે એક ટ્રક પાછળ કાર ઘુસી ગઈ હતી અને ગ-૧ સર્કલ નજીક એક મહિલા સ્કૂટર ચાલકને કાર ચાલકે ટકકર મારી હતી. સદભાગ્યે બંને અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થવા નહોતી પામી.

● ઘ-૦ સર્કલે સાંજના સુમારે પોલીસ દ્વારા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરાતા આશરે ૭૦ થી ૮૦ ટુ વ્હીલર્સ અને ૧૫થી ૨૦ ફોર વ્હીલર્સ વાહનોનો જમાવડો થઈ જવા પામ્યો હતો. આ ચેકીંગ સે-૨૪માં થયેલા ચેઈન સ્નેચીંગના સંદર્ભે હાથ ધરાયું હોવાનું જાણવા મળ્યું હતું.

● ઝુંડાલ સર્કલ નજીકથી આશરે ૨૦ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર ફેલાઈ જવા પામી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## સે-૨ શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહનું આયોજન

સેકટર-૨ પેન્શનર્સ સમાજના સભ્યો દ્વારા આગામી તા. ૨૪મી જાન્યુઆરીને રવિવારના રોજ ઉજાણી તેમજ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજાણી સે-૧ના તલાવડીવાળા બગીચા ખાતે સવારે ૧૦.૦૦ કલાકે કરાશે. ઉજાણીમાં ભાગ લેવા ઈચ્છતા પેન્શનર સભ્યોએ ફાળા સાથે તેમના નામ તા. ૧૦મી જાન્યુઆરી સુધીમાં પ્લોટ નં. ૪/૧, સે-૨-એ નિરંજનભાઈ ઓઝા, પ્લોટ નં. ૧૪૫૯/૨, સે-૨-બી એ.જી. જરદોશ, પ્લોટ નં. ૯૬૨/૨, સે-૨-સી એમ.જી. ચૌહાણ, પ્લોટ નં. ૧૭૧૨/૧ સે-૨-ડી, ડી.પી. સંઘાણી આ પ્રતિનિધિઓના નિવાસ સ્થાને નોંધાવી જવા અનુરોધ કર્યો છે.

# સે-૨૪ પીળા પટ્ટા પાસે મહિલાનાં ગળામાંથી દોરાની તફડંચી

**બાઈક પર ડબલ સવારી આવેલા શખ્સોએ મહિલાને ધક્કો મારી ૩૫ હજારનો સોનાનો દોરો લુંટી લીધો : શહેરના પ્રવેશદ્વારો પર નાકાબંધી કરી પણ લુંટારૂઓ ન પકડાયા**

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૨૪ પીળા પટ્ટા વિસ્તારમાં સ્થિત આદર્શનગરમાં રહેતા એક મહિલા સમી સાંજે ચાલતા જઈ રહ્યા હતા ત્યારે બાઈક પર ડબલ સવારી આવેલા બે શખ્સો તેમની નજીક આવ્યા અને ધક્કો મારીને ગળામાંથી સોનાના દોરાની લુંટ ચલાવી બંને લુંટારૂઓ રફફુચક્કર થઈ ગયા હતાં. પોલીસને લુંટની જાણ થતા શહેરનાં પ્રવેશદ્વારો પર નાકાંબધી કરી દીધી હતી પરંતુ તેમ છતાં લુંટારૂઓ પોલીસને હાથ આવ્યા ન હતાં.



મળતી માહિતી મુજબ સેકટર-૨૪ આદર્શનગર પ્લોટ નં. ૫૬૨ ખાતે રહેતા રામીબેન શિવાભાઈ છગનભાઈ વાઘેલા આજે સમી સાંજે પોતાના ઘર આંગણેથી રોડ પર ચાલતા જઈ રહ્યા હતા તે દરમિયાન એક બાઈક લઈને બે અજાણ્યા શખ્સો આવ્યા અને રામીબેનની નજીક જઈ ગળામાં પહેરેલો આશરે દોઢ તોલા વજનનો સોનાનો દોરો આંચકી લઈ તેમને ધક્કો મારીને બાઈક પર ફરાર થઈ ગયા હતા. મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તો બંને શખ્સો બાઈક પર ગાયબ થઈ ગયા હતાં. પોલીસ કંટ્રોલ રૂમમાં ચેઈન સ્નેચીંગ અંગે જાણ કરાતા શહેરના પ્રવેશદ્વારો પર નાકાબંધી કરીને પોલીસે સઘન વાહનચેકીંગ શરુ કરી દીધા હતા. જો કે ચેઈન સ્નેચર બંને શખ્સોને પોલીસ પકડી શકી ન હતી. સે-૨૧ પોલીસે રામીબેનની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

## ગુજરાતી અર્બન બાળફિલ્મ મસ્તીખોરનું થઈ રહેલું નિર્માણ

ગુજરાતી ભાષામાં બાળ ફિલ્મો બનતી નથી ત્યારે બાળકોને મોજ મસ્તી અને આનંદ મળે અને સમાજને કંઈક નવી જાણકારી મળે તે હેતુથી ગુજરાતી અર્બન 'મસ્તીખોર' ફિલ્મ બની રહી છે. આ ફિલ્મ માતૃશ્રી મુવી ઈન્ટરનેશનલના બેનર હેઠળ ગૌરવ પુરસ્કૃત નાટયકાર ભરત વ્યાસના દિગ્દર્શન હેઠળ બની રહી છે. આ ફિલ્મ પાંચ મસ્તીખોર બાળકોની વાર્તા પર આધારિત છે. જે બાળકો શિક્ષણ જગત અને વાલીઓને પ્રેરણા આપે છે. ફિલ્મમાં હિતુ કનોડિયા મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. જયારે ઝી ટીવીના આઈબીડીની કલાકાર અંજલી શર્મા બાળ કલાકાર તરીકે અભિનય આપી રહી છે. આ ફિલ્મમાં સ્વચ્છતા અંગેનું ખાસ ગીત ફિલ્માંકન કરવામાં આવ્યું છે. ફિલ્મનું ૯૦ ટકા શુટીંગ પૂર્ણ થઈ ગયું છે. આગામી ટુંક સમયમાં આ ફિલ્મ રીલીઝ થશે તેવું ફિલ્મના નિર્માતાએ જણાવ્યું છે.

# નગરમાં નવા વર્ષના કેલેન્ડર ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા.૨૯

અંગ્રેજી વર્ષ ૨૦૧૬ના વધામણાની એક તરફ તડામાર તૈયારીઓ સર્વત્ર થઈ રહી છે ત્યારે ૨૦૧૬ના કેલેન્ડરની પણ માંગ એટલી જ વધી ગઈ છે. કેલેન્ડર વગર જાણે કે અંધકાર હોય તેમ હવે દરેક વ્યકિત તારીખ અને સમય સાથે તાલ મિલાવતો થઈ ગયો છે. દરેક ક્ષેત્રે કેલેન્ડરની જરૂરિયાત ઉભી થતા કેટલાક વ્યવસાયિકો પોતાની વિજ્ઞાપનો સાથે કેલેન્ડરનું વિતરણ કરે છે. તો વર્ષો વર્ષ કેલેન્ડર પૂરા પાડતી સંસ્થાઓ કે બેંકો પણ પોતાના ગ્રાહકોને કેલેન્ડર આપે છે. આમ જીવનની દરેક ક્ષણ સાથે તારીખીયું વણાઈ ગયું હોય તેમ નગરમાં નવા વર્ષના કેલેન્ડર હાલમાં ઓન ડિમાન્ડ થયા છે.

નવા વર્ષમાં તારીખ અને વાર સાથે નક્કી થતાં કાર્યક્રમો માટે દરેક ક્ષેત્રમાં કેલેન્ડરની પ્રાથમિક જરૂરિયાત હોય છે. ઘરમાં શુભ પ્રસંગે, પ્રવાસ કે રજાઓનું શિડયુલ ગોઠવવા માટે કેલેન્ડરની આવશ્યકતા રહેતી હોય છે. જેથી હવે નવા વર્ષના પ્રવેશ આડે ફકત બે દિવસ રહ્યા છે ત્યારે સર્વત્ર કેલેન્ડરની માંગ ઉભી થઈ છે. ઘર, દુકાન, ઓફીસ, પોલીસ સ્ટેશન, ન્યાયાલયો અનો સરકારી કચેરીઓમાં કેલેન્ડર એ પ્રથમ હોવું એ આવશ્યક છે તો ધાર્મિક દષ્ટિએ ચોઘડીયાં, તિથી અને નોંધ પાડવા માટે ગૃહિણીઓ પણ કેલેન્ડરની આગ્રહી બને છે. જો કે વર્ષ પુરૂ થતાં જ દરેક વ્યકિત આવા કેલેન્ડરની શોધ કરીને ઘરે લાવી જ દે છે.

**ઘર, દુકાન, ઓફીસ, ન્યાયાલયો અને સરકારી કચેરીઓમાં કેલેન્ડર જરૂરિયાત બન્યુ, ચોઘડીયાં, તિથિ અને નોંધ માટે ગૃહીણીઓ પણ કેલેન્ડરની આગ્રહી**

દેશભરની બેંકો દ્વારા દર વર્ષે કેલેન્ડર બહાર પાડી પોતાના ગ્રાહકોને આપતી હોય છે તો કેટલાક વ્યવસાયિકો દ્વારા પોતાના સંસ્થાઓ, સરકારી કચેરીઓ પણ કેલેન્ડર બહાર પાડતી હોય છે.





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

વ્યવસાયની જાહેરાત થાય તે હેતુસર કેલેન્ડર બજારમાં વહેંચતા હોય છે. વળી બજારમાં અવનવા કેલેન્ડર વેચાણ માટે મુકાતા હોય છે. જેની પણ માંગ વધુ રહેતી હોય છે. હાલમાં કેલેન્ડરની પૃચ્છાઓ વધી ગઈ છે. જુનું કેલેન્ડર પુરૂ થાય તે પહેલા નવા વર્ષનું કેલેન્ડર વસાવી લેવાની માનસિકતા એ નવા વર્ષના કેલેન્ડર ઓન ડિમાન્ડ બન્યા છે. ધાર્મિક દષ્ટિએ પણ કેલેન્ડરની માંગ ખુબ જ રહે છે કારણ કે બજારમાં તિથિ દર્શિકા, તિથિ તોરણ વગેરે કેલેન્ડરમાં દિવસ-રાતના ચોઘડીયા, શ્રેષ્ઠ તિથિનું સુચન, ભવિષ્ય કથન, ખેડુતલક્ષી માર્ગદર્શન તેમજ જૈન, મુસ્લિમ, હિન્દુ અને પારસીના ધર્મ મુજબની તિથિ દર્શાવેલ હોય છે. આમ કેલેન્ડર એ દરેક ધર્મની વ્યકિત માટે જરૂરિયાત બન્યું હોવાથી તેની માંગ વધી જવા પામી છે.

## ઈન્ટર સ્કૂલ રમતોત્સવમાં આર.એન. પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓનો શ્રેષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી ખાતે ગાંધીનગર અને વડનગરમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓ વચ્ચે ઈન્ટર સ્કૂલ છગનભા વિજય પદ્મ રમતોત્સવ યોજાયો હતો. જેમાં લાંબી કૂદ, દોડ, ગોળાફેંક, રાઈફલ શુટીંગ, બેડમિન્ટન, ટેબલટેનિસ, ચેસ, વકતૃત્વ, કરાટે, સ્કેટીંગ સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં લાંબી કૂદમાં હિમાંશુ વાઘાણી પ્રથમ ક્રમે, રાઈફલ શુટીંગમાં હિરવા પટેલ પ્રથમ ક્રમે ૧૦૦ મીટર દોડમાં અંજલીબેન રાઠોડ દ્વિતિય ક્રમે બેડમિન્ટનમાં દિશા પટેલ દ્વિતિય ક્રમે, ચેસમાં દિપ પાંડોર દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા તેમજ રાયફલ શુટીંગમાં વ્રજ પટેલ તૃતીય ક્રમે, ટેબલ ટેનિસમાં વૃષ્ટિ પટેલ, વકતૃત્વ સ્પર્ધામાં કિન્નરી ચૌધરી, નિબંધ સ્પર્ધામાં મેઘા ડાભી તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી વિજેતા બન્યા હતા. શાળાના ૧૦ વિદ્યાર્થીઓએ સારો દેખાવ કરી ટ્રોફી મેળવી હતી. આ તમામ વિદ્યાર્થીઓને આચાર્ય તેમજ સ્ટાફ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર બબુબેન વિક્રમજી, ઉ.વ. ૪૫
- સ્વ. વાઘરી કુસુમબેન ફુલાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. પ્રજાપતિ ચુનાજી ચેહરાજી, ઉ.વ. ૫૦